## ઉમરેઠના મે.જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,ઉમરેઠ

**<u>ક્રિ.પ.અ.નં.૧/૨૦૧૯</u>**

**અરજદારઃ**
જયશ્રીબેન રાજેશકુમાર પટેલ
ઉ.વ. ૪૮ ધંધો–ઘરકામ
રહે.પંપવાળુ ફળીયું મુ.પણસોરા તા.ઉમરેઠ જિ.આણંદ

**સામાવાળાઃ**
તલાટી કમ મંત્રીશ્રી, પણસોરા ગ્રામ પંચાયત ઓફિસ, મુ.પણસોરા
તા.ઉમરેઠ જિ.આણંદ

અરજદાર તરફે વિ.વ.શ્રી પ્રિતેશ આર.પટેલ તથા શ્રી બી.જે.ઝાલા
સામાવાળા તરફે વિ.વ.શ્રી ––––નથી.

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ સને ૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ <u>જન્મની નોંધણી કરાવવા માટે અરજ</u>**

**<u>આંક ૧ લગત હુકમ</u>**

**૧.** અરજદારની અરજી વંચાણે લીધી. અરજદારે તેમના પુત્ર નામે કિશન રાજેશકુમાર પટેલ નો જન્મ તારીખ ૩૧.૧૨.૨૦૦૦ ના રોજ પણસોરા(ઘરે) તા.ઉમરેઠ જિ.આણંદ મુકામે થયેલ હતો પરંતુ શરતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે સદર જન્મની નોંધ

સરકારી દફતરે કરાવવાની રહી ગયેલ હોવાથી અને હાલ જન્મના દાખલાની જરુર પડવાથી હાલની અરજી કરેલી છે અને તે મુજબ અરજીમાં દાદ માંગેલી છે.

**૨.** અરજદાર પટેલ જયશ્રીબેન રાજેશકુમાર પટેલ નું આંક ૧૪ નું સરપતાસનું સોગંદનામું, સાહેદ રાજેશકુમાર પરસોત્તમભાઇ પટેલનું આંક ૧૫નું સરતપાસનું સોગંદનામું, જેના જન્મની નોંધણી કરવાની છે તે કિશન રાજેશકુમાર પટેલ નું આંક ૧૬ નું સરતપાસનું સોગંદનામું તથા સાહેદ રશીલાબેન તે અશ્વિનભાઇ પરસોત્તમભાઇ પટેલનું સરતપાસનું સોગંદનામું વંચાણે લેતાં અરજદારના પુત્ર નામે કિશન નો જન્મ તારીખ ૩૧.૧૨.૨૦૦૦ ના રોજ પણસોરા(ઘરે) તા.ઉમરેઠ જિ.આણંદ મુકામે થયેલાનું સ્પષ્ટ થાય છે. તદ્ઉપરાંત અરજદારના પુત્ર કિશન જે સ્કૂલમાં અભ્યાસ કરતા હતા તે સ્કૂલના કર્મચારી કેતનકુમાર ધિરેન્દ્રભાઇ પટેલ સિનિ.કલાર્ક, ન્યુ ઇંગ્લીશ સ્કૂલ, નડિયાદ (સિનિ.કલાર્ક) ને આંક ૧૧ થી તપાસેલા છે. તેઓએ આંક ૧૩ થી શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ અને આંક ૧૨ થી વિદ્યાર્થીના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ રજૂ કરેલ છે. સદર બંને દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં પણ ઉપરોકત જન્મની હકીકતને સમર્થન મળે છે, જે ન માનવા ને કોઇ કારણ રહેતું નથી.

**૩.** આંક ૭ થી પટેલ હિતેશકુમાર નારણભાઇ, ત.ક.મંત્રી પણસોરા ને તપાસી, આંક ૮ થી દાખલો રજૂ કરેલ છે. સદર દાખલો વંચાણે લેતાં ઉપરોકત જન્મની નોંધણી ન થયેલાનું સ્પષ્ટ થાય છે. વળી,આંક ૫ થી સદર જન્મની નોંધણી સંબંધી જાહેર નોટિસ દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધ માટે છપાવેલ છે જે પેપરની નકલ નિ.૬/૨ થી રજૂ કરેલ છે. સદરહું નોટિસ પ્રસિધ્ધ થયા બાદ પણ આજદિન સુધી સદર જન્મ નોંધણી સામે કોઇ વાંધા આવેલા નથી. ઉપરોકત ચર્ચાને અંતે અરજદારની અરજી મંજૂર થવાને પાત્ર બને છે જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

સામાવાળાએ અરજદારના પુત્ર નામે પટેલ કિશન રાજેશકુમાર નો જન્મ તારીખ **૩૧.૧૨.૨૦૦૦ એકત્રીસમી ડીસેમ્બર બે હજાર** ના રોજ પણસોરા તા.ઉમરેઠ જિ.આણંદ મુકામે થયેલ હતો તે જન્મની નોંધ યોગ્ય ધોરણસરની ફી વસુલ લઇ, જન્મ રજીસ્ટરમાં નોંધવું.

૨.આ સિવાય અન્ય સ્થેળેથી ઉપરોકત જન્મ બાબતે જો કોઈપણ હુકમ કે અરજ–અહેવાલ કરેલ હશે તો આ હુકમ આપોઆપ રદ ગણાશે.

હુકમ આજ તારીખ ૩૦મી માહે ઓગષ્ટ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

**તા.૩૦.૦૮.૨૦૧૯** (Iqbalahmed Ikhlashahmed Pathan)
**મેઇન કોર્ટ, ઉમરેઠ** **જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ઉમરેઠ** GJ 00638